Volume 5 ■ Book: 196 ■ Issue : 73 ■ Bhadrapad Vad - 9 ■ Vikram Savant 2073 ■ Price ₹ 4.00 ★

અમદાવાદ અને મુંબઈથી પ્રસિદ્ધ થતું

Thursday, 14th September, 2017 (12+8 Pages Ladki)

સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨

ગુજરાત આવૃત્તિ

# મુંબઈ સમાચાર

ગુરુવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭

MUMBAI SAMACHAR
www.bombaysamachar.com

■ REGD.No. MCS/058/2015-17

R.N.I. No. GUJ GUJ /2013/58486

૪ ઑક્ટોબર, ૨૦૧૭થી આવી રહ્યું છે

આર્થિક સમાચારોનું એક જ જંક્શન

મુંબઈ સમાચાર જૂથનું સ્માર્ટ બિઝનેસ મેટ્રો જંક્શન

# બુલેટ ટ્રેનના સપનાંને આજે મળશે પાંખ



## આબે અને મોદી સાબરમતીમાં પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરશે



**મહાનુભાવનું ભાવભર્યું સ્વાગત**

ભારતની મુલાકાતે આવેલા જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે અને તેમના પત્નીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સીદી સૈયદની જાળી નિહાળી હતી અને ખૂલ્લી જીપમાં ભવ્ય રોડ શોમાં ભાગ લીધો હતો. (જનક પટેલ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે અને તેમનાં પત્ની અકી આબે ખાસ વિમાનમાં અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચતા આ મોંઘેરા મહેમાનનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે, ગુરુવારે અમદાવાદના સાબરમતીમાં મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું ખાતમુહૂર્ત કરશે.

શિન્ઝો દંપતીને આવકારવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાજ્યપાલ ઓ. પી. કોહલી, મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ, અમદાવાદના મેયર ગૌતમ શાહ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓએ ઉપસ્થિત રહીને બુકે આપીને સ્વાગત કર્યું હતું અને ત્યાર બાદ ગાર્ડ ઓફ ઓનર્સ આપવામાં આવ્યું હતું. સ્યૂટ-બૂટમાં સજ્જથઈને આવેલા આબે દંપતીએ ભારતીય પોષાક પરિધાન કરીને રોડ-શોમાં જોડાયા હતા.

જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે તેમનાં પત્ની અકી આબે તથા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખુલ્લી જીપમાં રોડ-શોમાં જોડાયા હતા. મહાનુભાવોને નિહાળવા માટે રોડની બંને સાઈડમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. જનતા જનાર્દનનું અભિવાદન ઝીલીને મહાનુભાવો સાબરમતીના ગાંધીઆશ્રમ પહોંચ્યા હતા. આઠ કિ.મી.ના રોડ-શો દરમિયાન માર્ગોની સાઈડ પર ઊભા કરેલા સ્ટેજ પર લોકનૃત્યો અને ભાતીગળ સંસ્કૃતિના દર્શન પણ મહાનુભાવોને

(જુઓ પાનું ૬) ▶▶

## પીએમ બન્યા પછી મોદી દેશમાં પહેલીવાર ગયા મસ્જિદમાં

▸ અમદાવાદની સીદી સૈયદની જાળીનું સ્થાપત્ય આબે સાથે નિહાળ્યું

*અમદાવાદ:* શહેરના લાલ દરવાજા સ્થિત સીદી સૈયદની જાળી અને મસ્જિદની વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા જાપાનના વડા પ્રધાન અને તેમની પત્નીએ મુલાકાત લીધી હતી ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગાઈડ તરીકેની ભૂમિકા ભજવીને જાપાનના વડા પ્રધાન અને તેમની પત્નીને સીદી સૈયદની જાળી અને મસ્જિદ અંગેની માહિતી આપી હતી. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨થી ૨૦૧૪ સુધી નરેન્દ્ર મોદી મુખ્ય પ્રધાન હતા. જોકે, પ્રથમ વાર નરેન્દ્ર મોદી જાપાનના વડા પ્રધાન અને તેમની પત્નીને લઈને અમદાવાદની સુપ્રસિદ્ધ સીદી સૈયદ જાળી જોવા લઈ ગયા હતા. જોકે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા બાદ પહેલી વાર કોઇ મસ્જિદની મુલાકાતે ગયા હતા. ■

## અમદાવાદમાં મોદી-આબેનો ભવ્ય રોડ શો

▸ ખુલ્લી જીપમાં નીકળ્યા ▸ હજારોએ કર્યું અભિવાદન ▸ સાથે ભાતીગળ સંસ્કૃતિના દર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે અને તેમનાં ધર્મપત્ની અકી આબે ગુજરાત બુધવારે આવી પહોંચ્યા ત્યારે વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી ખુલ્લી જીપમાં ગાંધીઆશ્રમ તરફ જવા રવાના થયા હતા અને ભવ્યાતિભવ્ય રોડ શૉ કર્યો હતો. બંને નેતાનું હજારો લોકોએ અભિવાદન કર્યું હતું.

અમદાવાદ ઍરપોર્ટ ઉપરથી ખૂલ્લી જીપમાં શરૂ થયેલા રોડ શોમાં જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબેએ સફેદ રંગના ઝભ્ભા ઉપર વાદળી રંગની કોટી પહેરી પરંપરાગત ભારતીય પોષાકમાં સજ્જ થયા હતા, જ્યારે તેમના ધર્મપત્ની અકી આબે આકર્ષક ફ્લોરલ ડિઝાઇન ધરાવતા પરિધાનમાં સજ્જ હતા. વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ હંમેશાંની માફક ક્રીમ કલરનો અડધી બાંયનો ઝભ્ભો પહેર્યો હતો.

આઠ કિ.મી.ના આ રોડ શોમાં જાપાનના વડા પ્રધાન-દંપતીએ ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યને ભરપૂર માણ્યું હતું. ભારતના લગભગ તમામ રાજ્યના લોકનૃત્યોની પ્રસ્તુતિ સાથેના આ રોડ-શોમાં મેઘધનુષી કલારંગનું આકર્ષણ જ એટલું હતું કે, અકી આબેએ તેમના સેલફોનમાંથી તસવીર પાડીને આ ક્ષણને યાદગાર બનાવી દીધી હતી. આ રોડ-શોમાં વિવિધ રાજ્યોનાં લોકનૃત્યો ઉપરાંત, શાળાના બાળકો, નગરજનો

(જુઓ પાનું ૬) ▶▶

## ટાર્ગેટ ચીન: સંરક્ષણ સહકાર વધારવા પર મોદી-આબે ધ્યાન કેન્દ્રિત કરશે

*નવી દિલ્હી:* ગુજરાતના ગાંધીનગર ખાતે ગુરુવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે વચ્ચે વાર્ષિક શિખરમંત્રણાનો આરંભ થશે તે વેળાએ સંરક્ષણ તથા સુરક્ષામાં સહકાર વધારીને બળવત્તર કરવાની બાબત પર ખાસ ધ્યાન આપવાની શક્યતા છે.

જાપાન પાસેથી જમીન અને જળમાં હંકારી શકાય તેવા ‘યુએસ-૨ શિનમાય્વા’ વિમાન ખરીદવાનો પ્રસ્તાવ લાંબા સમયથી અનિર્ણિત છે, તે અંગે ખાસ ચર્ચાવિચારણા કરાશે. ઉભય દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને ધ્યાનમાં રાખીને સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારે પ્રગાઢ બનાવવા લશ્કરી સરંજામ અને ઉપકરણોના સંયુક્ત વિકાસ માટે વિશિષ્ટ ચર્ચા કરાશે, એમ સત્તાવાર સાધનોએ જણાવ્યું હતું.

ઉત્તર કોરિયાએ કરેલા અણુ પરીક્ષણથી ભૌગોલિક વિસ્તારમાં તનાવ વધી ગયો છે, સાઉથ ચાઇના સમુદ્રમાં ચીનના વધતા જતા દુરાગ્રહ અને વર્ચસ્વના વાતાવરણમાં મોદી તથા આબ વિશદ સલાહમસલત કરે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

એબની મુલાકાત અગાઉ ભારત અને જાપાન વચ્ચે સંરક્ષણ પ્રધાન સ્તરના વાર્ષિક સંવાદ સાધવામાં આવ્યો હતો. તે વેળાએ લશ્કરી સામાન અને સરંજામના સહઉત્પાદન, બેવડા વપરાશમાં લઈ શકાય તેવી ટેક્નોલોજી તેમ જ ‘યુએસ-૨ શિનમાય્વા’ વિમાનની ખરીદી કરવાના ભારતના પ્રસ્તાવ અંગે પણ ચર્ચાવિચારણા કરવામાં આવશે.

ઉક્ત મંત્રણામાં અણુ ઊર્જા ક્ષેત્રે પણ સહકાર સાધવા ચર્ચાવિચારણા કરવામાં આવે એવી ધારણા રાખવામાં આવી રહી છે.

ગયા નવેમ્બરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટોકયો મુલાકાત વેળાએ અણુસહકાર કરાર પર સહીસિક્કા કરવામાં આવ્યા હતા.

આ અણુસોદા અંતર્ગત જાપાનને ભારતને અણુ ટેક્નોલોજી નિકાસ કરવાની સહમતિ આપવામાં આવે છે. આથી ટોક્યો સાથે આવો સોદો કરનાર અણુઅપ્રસાર સમજૂતી ન કરનાર (બિનએનપીટી) દેશોમાં સૌપ્રથમ દેશ ભારત છે.

‘જાપાન ભારતને સસ્તા દામે શસ્ત્રો વેચવાનું આયોજન કરે છે’, એવા અહેવાલો સામે ડ્રેગને ખૂબ ઉગ્ર વલણ અપનાવ્યું હતું. ભારતને ડારો દેતાં ચીને કહ્યું હતું કે, આવી હિલચાલ શરમજનક છે. ગુરુવારે મોદી અને શિન્ઝો આબે વચ્ચે મંત્રણા બાદના સંયુક્ત નિવેદનોમાં સંરક્ષણ સહકાર સંબંધિત ચોક્કસ ઘટકો હશે જ. ઉક્ત સંરક્ષણ સોદામાં ઉભય પક્ષે અનમેન્ડ ગ્રાઉન્ડ વિહાઈકલ્સ

(જુઓ પાનું ૬) ▶▶

## સર્વિસ ચાર્જ વસૂલતી હૉટેલો પાસેથી વધુ ટેક્સ લેવાશે

*નવી દિલ્હી:* હોટેલો અને રેસ્ટોરાં દ્વારા વસૂલ કરવામાં આવતા સર્વિસ ચાર્જિસ સામે સરકાર નવાં પગલાં ભરવાની વિચારણા કરી રહી છે એટલે કે સરકાર ટિપ્સ ઉપર તેમને ટેક્સ ચૂકવવા દબાણ કરે એવી સંભાવના છે.

એપ્રિલમાં જાહેર કરવામાં આવેલી નવી માર્ગદર્શિકામાં હોટેલો અને રેસ્ટોરાંને એવો નિર્દેશ કરાયો છે કે ‘સર્વિસ ચાર્જિસ ચુકવવો ફરજિયાત નથી.’ એમ દર્શાવતાં લખાણો હોટેલોમાં યોગ્ય સ્થળે દર્શાવવામાં આવે. એમાં જણાવાયું છે કે ગ્રાહકો એવી સમજ સાથે વાનગી માટેનો ઓર્ડર આપે છે કે મેનુકાર્ડમાં કુલ ભાવ ઉપરાંત લાગુ પડતા કરવેરાની રકમ દર્શાવવામાં આવશે. એટલે ગ્રાહકોની સંમતિ વિના વધુ ભાવ વસૂલ કરવામાં આવે તો ગ્રાહક રક્ષણ કાયદા અંતર્ગત ગેરવ્યાજબી વેપાર પ્રવૃત્તિ ગણાશે, એમ માર્ગદર્શિકામાં જણાવાયું છે.

કેન્દ્રના ગ્રાહકોને લગતી બાબતો અંગેના પ્રધાન રામવિલાસ પાસવાને નવાં પગલાં જાહેર કર્યાં છે. આ મુદ્દાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ગ્રાહકોની બાબતો અંગેના ખાતાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર ટેક્સિસ (સીબીડીટી)ને લખી જણાવ્યું છે કે ટેક્સની આકારણી કરતી વેળા ‘સર્વિસ ચાર્જિસ’નો પણ એમાં સમાવેશ કરી લેવામાં આવે.

પાસવાને એવું પણ સૂચન કર્યું છે કે જેઓ નિયમોને અનુસરતા નથી એવાં ખાનપાન મથકોને ભાર પૂર્વક આ બાબતે સમજાવશે.

તેમણે એમ પણ લખ્યું છે કે ગ્રાહકો અંગેની બાબતોના અધિકારીઓને વધુ પડતા ચાર્જિસ વસૂલ કરાતા હોય એવા કેસોની નિગરાની રાખવાનો નિર્દેશ કરાયો છે. આ ઉપરાંત ગ્રાહકોના હકો અંગેનાં સંગઠનોને પણ આના ઉપાય માટે દાખલા રૂપ કેસો રજૂ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

જોકે કેટલીક હોટેલો અને રેસ્ટોરાંએ સર્વિસ ચાર્જિસની માગણી કરવાનું બંધ કરી દીધું હોવા છતાં અન્ય હોટેલો એને કાનૂની ગણાવી રહી છે. ■

## કેરળના પાદરીને છોડાવવા બાનની રકમ નથી ચૂકવાઈ: સરકાર

*તિરુવનંતપુરમ:* પાદરી ટોમ ઉઝન્નલીલને અપહરણકર્તાઓ પાસેથી છોડાવવા માટે કોઈ જ પ્રકારની બાનની રકમ ચૂકવવામાં આવી નથી એમ કેન્દ્ર સરકારે બુધવારે જણાવીને ભારપૂર્વક કહ્યું હતું કે, ‘વિદેશી બાબતોનું ખાતું કોઈ પણ જાતના શોરબકોર વિના શાંતિથી કામ કરે છે, પણ અંતે એ કામ પૂરું કરે છે.’

યુદ્ધગ્રસ્ત યમનમાં આવેલા યમનના વૃદ્ધાશ્રમ પર ઈસ્લામિક સ્ટેટ આઈએસના ત્રાસવાદીઓ ત્રાટક્યા હતા ત્યારે તેમણે ૧૬ જણની હત્યા કરી હતી અને કેરળના આ પાદરીનું અપહરણ કર્યું હતું.

‘પાદરી ઉઝુન્નલીલને મંગળવારે છોડવામાં આવ્યા તેના પરથી એક વાત સાબિત થાય છે કે વિદેશી બાબતોનું ખાતું કોઈ પણ જાતના શોરબકોર વિના શાંતિથી પોતાનું કાર્ય કરે છે, પણ અંતે કામ પૂરું કરે છે,’ એમ વિદેશી બાબતોના ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન વી. કે. સિંહે અહીં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. આ પાદરીને છોડાવવા માટે કોઈ પણ પ્રકારના બાનની રકમ આપવામાં આવી છે એમ પૂછતાં તેમણે સ્પષ્ટપણે ના કહ્યું હતું.

‘પાદરી ઉઝુન્નલીલ યમનમાં ગુમ થયા ત્યારે અનેક પ્રકારની ટીકાઓ કરવામાં આવી હતી એ અમે સારી રીતે જાણીએ છીએ. અમને એ વાતનો આનંદ છે કે તેઓ સલામત રીતે આવી ગયા છે અને અમે તેમને એકદમ સલામત અને સાજા લાવી શક્યા તે અંગે લોકો વખાણ જ કરશે એ વાતનો મને વિશ્વાસ છે,’ એમ સિંહે જણાવ્યું હતું. એમને છોડાવવામાં ઓમાનની ભૂમિકા વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે, આ સમસ્યાને ઉકેલવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી.

ઉઝુન્નલીલને છોડાવવામાં આવ્યા પછી તેમણે સરકારનો આભાર માનવા માટે કોઈ ભારતીય અધિકારીનો સંપર્ક સાધ્યો હતો, એમ પૂછતાં સિંહે જણાવ્યું હતું કે, ‘તેઓ એકવાર વેટીકનથી પાછા આવી જાય પછી તેઓ આ કરશે એવું મને લાગે છે.

‘ભારત પાછા ક્યારે ફરવું એનો નિર્ણય પાદરી પોતે જ કરશે,’ એમ બીજા એક

(જુઓ પાનું ૬) ▶▶

## રેલવેમાં હવે આઇડી પ્રૂફ તરીકે એમ-આધાર પણ માન્ય રહેશે

*નવી દિલ્હી:* કોઈ પણ પ્રકારના રિઝર્વ્ડ કલાસમાં પ્રવાસ કરનારાઓ પાસેથી ઓળખના પ્રૂફ તરીકે આધાર કાર્ડના ડિજિટલ વર્ઝન એમ-આધારને પણ સ્વીકૃતિ આપવાનો નિર્ણય રેલવે ખાતાએ બુધવારે કર્યો હતો.

યુનિક આઈન્ડેટિફિકેશન ઓથોરિટી ઑફ ઈન્ડિયાએ એમ-આધાર નામની મોબાઈલ ઍપ શરૂ કરી છે, જેનાં દ્વારા કોઈ પણ વ્યક્તિ પોતાનું આધાર કાર્ડ ડાઉનલોડ કરી શકે છે.

આધારકાર્ડ સાથે જે મોબાઈલ નંબર જોડવામાં આવ્યો હોય તે જ મોબાઈલમાં આધાર કાર્ડ ડાઉનલોડ કરી શકાશે.

આ આધાર બતાડવા માટે ઉતારુએ પહેલાં ઍપ ખોલવી પડશે પછી પોતાનો પાસવર્ડ નાખવો પડશે.

‘એમ-આધાર’ ઉતારુ તેના મોબાઈલ પર પાસવર્ડ નાખ્યા પછી બતાડશે, તો તેમની ઓળખના પ્રૂફ તરીકે ભારતીય રેલવેના કોઈ પણ રિઝર્વ ક્લાસમાં માન્ય રહેશે, એમ રેલવેખાતાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. (પીટીઆઈ) ■